"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. | તા: ૨૫/૦૪/૨૦૧૬

તંત્રી શ્રી. ______________________ | સુરત

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(signature)

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## સ્થાનકવાસી જૈન સમાજના બ્રેનડેડ સંપતરાજ રુપચંદ ચૌધરીના અંગોનું દાન કરી પરિવારે માનવતાની મહેક પ્રસારી

નામ : સંપતરાજ રુપચંદ ચૌધરી ઉ. વ. ૭૮ બ્લડ ગ્રુપ B+ (વ્યવસાય : નિવૃત્ત જીવન)

(નિવૃત્તિ પહેલા બ્યાવર રાજસ્થાનમાં પ્રાઈવેટ કંપનીમાં એકાઉન્ટન્ટનું કાર્ય કરતા હતા.)

રહેવાસી : ફ્લેટ નં ૪૦૩, પારસમણી એપાર્ટમેન્ટ, ઈશ્વર કૃપા સોસાયટી, એલ. એચ. રોડ, ત્રિકમનગર, વરાછા, સુરત

મૂળ રહેવાસી : બ્યાવર, રાજસ્થાન જીલ્લો : અજમેર.

કૌટુંબિક વિગત : પુત્ર: લલીત સંપતરાજ ચૌધરી ઉ. વ. ૩૯ (વ્યવસાય : મોબાઈલ શોપ )
પુત્રવધુ : કોમલ લલીત ચૌધરી ઉ. વ. ૩૬
પૌત્રી: ૧.ખુશી લલીત ચૌધરી ઉ. વ. ૧૬
૨.મુસ્કાન લલીત ચૌધરી ઉ.વ.૧૫

<u>બનાવની વિગત:</u>

શનીવાર તા. ૨૩ એપ્રીલ, ૨૦૧૬ના રોજ સંપતરાજ તેમના પુત્રની મોડેલ ટાઉન, પર્વત પાટિયા પાસે આવેલ જયશ્રીરામ મોબાઈલની દુકાને થી તેમના પુત્ર લલીત સાથે બાઈક ઉપર ઘરે જમવા જઈ રહ્યા હતા. ત્યારે રેશ્મભવન, સ્વામીનારાયણ મંદિર, બોમ્બે માર્કેટ પાસે બાઈક સ્લીપ થઇ જતા, સંપતરાજ બાઈક ઉપરથી નીચે પડી જતાં માથામાં ગંભીર ઇજા થઇ હતી અને તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલીક સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે નિર્મલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા.. ત્યાં સી. ટી. સ્કેન કરાવતા બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. તેથી તેમને નિર્મલ હોસ્પિટલ માંથી બપોરે ૦૩:૩૦ કલાકે મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં ન્યુરોસર્જન ડો. ધિરેન શાહની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા અને સારવાર શરૂ કરવામાં આવી.

રવિવાર તા. ૨૪ એપ્રીલ, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડો. અનીરૂધ્ધ આપ્ટે અને ન્યુરોફીઝીશ્યન ડો. મનોજ સત્યવાણીએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



મહાવીર હોસ્પિટલના R. M. O ડૉ. ભાવીની શાહે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી સંપતરાજના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી સંપતરાજના પુત્ર લલીત અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી, અંગદાનનું મહત્વ સમજાવ્યું.

સંપતરાજના પુત્ર લલીતે જણાવ્યું કે મારા પિતાશ્રી ખુબજ ધાર્મિક અને સેવાકાર્ય પ્રવૃત્તિમાં રસ ધરાવતા હતા. તેઓ વારંવાર વર્તમાનપત્રોમાં ઓર્ગન ડોનેશનના સમાચારો વાંચતા હતા. તેઓ હંમેશા મને કહેતા હતા કે જો હું બ્રેનડેડ થાઉં તો મારા પણ અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપજો. આજે ડોક્ટરોએ મારા પિતાશ્રીને બ્રેનડેડ જાહેર કર્યા છે ત્યારે તેઓના ઓર્ગન ડોનેશન કરાવી કિડની અને લીવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવા માટે આપ આગળ વધો.

પુત્ર લલીત અને પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બંને કિડની સુરેન્દ્રનગરના રહેવાસી કિરીટ એસ. જોષી ઉ.વ. ૫૦માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર પ્રાંતિજ ઉત્તર ગુજરાતના રહેવાસી પ્રકાશ સુરેશભાઈ પટેલ ઉ. વ. ૩૬માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. જમાલ રીઝવી, ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં સંપતરાજ ના પુત્ર લલીત તેમજ સમગ્ર પરીવાર, ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહ, ન્યુરોફિઝીશ્યન ડૉ. અનીરૂધ્ધ આપ્ટે, ડૉ. મનોજ સત્યવાણી, R. M. O. ડૉ. ભાવીની શાહ મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને દિશાંત મંચાલનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૪૫ કિડની, ૪૮ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૩ હૃદય અને ૧૨૨ ચક્ષુઓનું દાન મેળવીને ૩૨૧ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.